હરિ: ૐ

प्रवासी—આખ્યાનમાળા. મ. ૧૦.

"શ્રી વાલ્મીક ચરિત્ર."

યોજક

બાળવૈદ્ય રેવાશંકર ગણપતરામ ભટ્ટ.



કરાચી:

"શ્રી-મનોહર" પ્રિન્ટિંગ પ્રેસ.

સંવત ૧૯૬૫. ઈ. સ. ૧૯૦૯.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

કિમ્મત રૂ. ૦-૨-૦.

મળવાનાં સ્થળો :—

શ્રી-મનોહર પ્રેસ, કરાચી.

શ્રી આરોગ્યવર્ધક ઔષધાલય, રણછોડ લેન, કરાચી.

પ્રવાસી મિત્ર દાક્તર નારાયણજી અમરજી આચાર્ય, મુંબઈ બજાર કરાચી.

સૂચના.

આથી શ્રોતાઓને શ્રવણમાં ઘણા પ્રકારની અનુકુળતા મળશે, જાણવાની ઇચ્છાવાળાને કાંઇક જાણવાનુ મળશે વિદ્વાન કવિઓને નિષ્પક્ષપાત અવલોકન કરી આમાં થયેલી ભૂલો સુધારવાનુ મળશે, ગાવાના શોખીનોને ગાવાની ચીજો મળશે, નિંદકોને તેનો ખોરાક મળશે, ઉપરાંત પ્રથમ થનાર ઉમેદવાર હરિકથા-કારોને આખ્યાનો મેળવવા જે શ્રમ પડછે તેમાંથી કંઈક અંશે તેમને નિવૃત્તિ મળશે, આ અને એવા બીજા ઘણા વિચારે મને આ કૃતિમા પ્રેર્યો છે

આનુ નામ "પ્રવાસી આખ્યાનમાળા" રાખવામાં આવ્યુ છે તે મને ઠીક લાગવાથી રાખ્યુ છે છતા કોઈને યોગ્ય ન લાગે તોપણ તે નામ ચલાવી લેવા ઉદાર થશે એમ ઇચ્છા છે.

શ્રી ભગવાન્ વેદવ્યાસ પ્રણીત "આનંદ રામાયણ" ઉપરથી આ આખ્યાન રચવામા આવ્યુ છે

આ અને હવે પછી બહાર પડનાર મણિ-મણકા ચોકસ ઠરાવેલી રકમ લઇ અપાશે. આથી મળનારી રકમમાથી વ્યય બાદ કરતા વિશેષને જાહેર રીતે જનહિતમા વપરાશે

હરિકથાકારોની સવડ માટે આમા આ પ્રમાણે ક્રમ રાખ્યો છે: પ્રથમ આખ્યાનમા લેવાયેલા ઇતિહાસનો સાર આપ્યો છે, પછી મંગલાચરણ અને પૂર્વરંગ–ઉપક્રમ કરવા અર્થે પદ અને ત્યાર પછી આખ્યાન શરૂ કર્યું છે. આ તો ખાલી ખોકુ છે. તેને સત્ત્વવાન્ કરી શણગાર પહેરાવી જનહિત કરે તેવા રૂપમા ક્રમ અને કેવી રીતે મકવુ એ તે કથાકારની બુદ્ધિ ઉપર છોડયુ છે.

ગીતો ઉપર ચોકસ રાગો અને તાલો લખવામાં આવ્યા છે છતા તે બીજા તાલ સુરમા પણ ગાઇ શકાય તે ઉપર ધ્યાન રાખવામાં આવ્યુ છે. બુદ્ધિમાનો તે પ્રમાણે કરી શકે પણ છે.

આ કથનથી વિરમીશ, પણ ધૂળમાંથી સુવર્ણ અને પાષાણમાથી રત્ન મેળવનાર સુજન ગણાયછે માટે સુજન થવાની પ્રાર્થના પૂર્વક સૂચના કરીને જાં

કરાચી, — ભવાદૃવીનો

સંવત્ ૧૯૬૫, પરિવર્તિની. — પ્રવાસી સ્વયંદત્ત.

સાર.

એક સમયે સભામાં બેઠેલા મુનિ વાલ્મીકને શ્રી રામચન્દ્રે પૂછયુ કે મુનિજી, મારા અવતાર પહેલા મારૂં ચરિત્ર તમે વર્ણવ્યુ તે તમે કેમ જાણ્યુ ને પૂર્વે તે તમને કોણે ઉપદેશ્યુ ? આપ પૂર્વ જન્મમા કોણ હતા ને આપે શુ પુણ્ય કર્યુ હતું તે સર્વ વિસ્તારથી કહો.

આ પ્રશ્ન સાભળી મુનિએ કહ્યુ આપના નામ પ્રતાપે બ્રહ્મઋષિ થવાનો પ્રસગ મળ્યો તે સાભળો. પંપા તટના વાસી સુવ્રતધારી પાંચજન્ય નામનો બ્રાહ્મણ યાત્રા અર્થે ફરતો ફરતો ભીમરથી નદી ઉતરી ભયકર રણમા આવ્યો ત્યા ગ્રીષ્મના તાપે વ્યાકૂળ થયેલા ને ક્ષુધા તૃષાથી પીડિત એવાને વ્યાધે લઈ સર્વસ્વ લઈ માત્ર લગોટી આપી વિદાય કર્યો

પાંચજન્ય માથે તપતા તાપથી ને નીચે રેતીના તાપથી વ્યાકૂળ થતો જોઇ વ્યાધને તેના જોડા પાછા આપવાની મરજી થઇ. ફાટલા ને ઉપયાગ વગરના જોડા તેણે આપ્યા જે લઈ પાંચજન્યનુ અરધુ દુ ખ ઓછુ થવાથી આશિષ આપી કહ્યુ કે પૂર્વ પુણ્યના યોગે આ સુમતિ હમણા તને ઉપજી તેમ અન્ય ભવે પણ થાઓ.

આ સાંભળી હે રામચદ્ર વ્યાધને પૂર્વ જન્મનુ વૃતાત સાભળવા ઇચ્છા થઇ ને તે બ્રાહ્મણને સુદર કળ, જળ ને છાયાવાળા સ્થાનમા લઈ ગયો ત્યા બ્રાહ્મણે ક્ષુધા તૃષા નિવૃત્ત કરી તેના પૂર્વ જન્મનુ વૃતાત આ પ્રમાણે તેણે તેને કહ્યુ .—

પૂર્વે સાકલ નગરમા વચ્છસ ગાત્રનો સ્તભ નામનો સ્નાતક દ્વિજ રહેતો હતો તેણે કુસગથી દુરાચારી થઈ ગણિકાને ઘરમા રાખી ને ધર્મ-કર્મ શૂદ્રાચારે વર્તવા લાગ્યા તેની સ્ત્રી કાંન્તિમતી સતી ધર્માનુસાર ગણિકા હોય ગણિકા સાથે પતિને સેવતી કાળે કરી ઘરમાનુ દ્રવ્ય ને શરીર તે બ્રાહ્મણના ક્ષીણ થયા તે મહા રોગે પીડાવા લાગ્યો, ત્યારે ગણિકા તેનો ત્યાગ કરી ગઈ. ગણિકાએ ત્યાગેલા ને રોગથી આતુર થયેલા તેણે સ્ત્રીને વિનવી જે સાભળી સ્ત્રી તેનુ યોગ્ય આશ્વાસન કરી પૂર્ણ ભાવથી તેને સેવવા લાગી.

કેટલાક સમય પછી ગ્રીષ્મ ઋતુમાં દેવળમુનિ તેને ત્યા વિશ્રાતિ માટે આવ્યા ત્યારે વૈદ્યના મીશથી સ્વામીની આજ્ઞા લઈ તેમનો સત્કાર કરી સ્ત્રીએ દેવળમુનિનું પાદોદક ઓષધ મીશે પોતાના સ્વામીને પાયુ. મુનિ પણ આશિષ આપી યોગ્ય સમયે ચાલતા થયા.

ત્યાર પછી થોડે દિવસે સ્તંભદ્વિજને સન્નિપાત ઉપડયો તેના શમન સારૂ કાન્તિમતી ત્રિકટુ ચટાડતી હતી એવામાં દાંત મળી જવાથી આંગળીનો કટકો

મ્હોંમાં રહી ને તેણે પ્રાણ છોડ્યા. પતિના પરલોક ગમનનો શોક કરી અવસાન યોગ્ય કરવું કરી તે સાધવી પતિ સાથે ગમન કરી પરમપદ પામી

પાંચજન્યે કહ્યુ, હે વ્યાધ, તેજ તુ મરતી વખતે મ્હોમાં માસ રહેવાથી માસભક્ષી ને ક્રુર કર્મ કરનારો થયો છુ મુનિનું પાદોદક પીવા માત્ર પુણ્યે આજ તને દયા ઉપજાવીને તે પુણ્યમા વધારો કર્યો. આમ કહી વ્યાધે જેને શીશ નમાવ્યુ એવા પાંચજન્ય ત્યાથી ચાલતા થયા

વાલ્મીકે કહ્યું કે હે રામજી, આર પછી કઇક કાળ વ્યતીત થયા પછી તે વ્યાધે શરીર છોડયુ. એવામા ગગા જળમા ઉભા રહી તપ કરતા કણુ નામે મુનિ મેનકાને જોઇ વિહ્વળ થયા જેથી તેમનુ વીર્ય સ્ખલિત થયુ ને તે દ્વારા એજ વ્યાધ સર્પણીના ઉદરમા પ્રવેશ્યા. કાળે તેનો જન્મ ગગા તટમા મનુષ્ય રૂપે થયો તટમા પડેલા અનાથ બાળકને જોઈ કોઇ ભીલ તેને લઇ ગયો ત્યા તે લોકોના પ્રસગથી પ્રૌઢ થતા ભયકર લૂટાગાનુ કામ કરવા લાગ્યો

પ્રાચીનબર્હિ રાજાના યજ્ઞમાથી પછા વળતા સમ ઋષિયોને તેણે લટવાનો કોઈક સમયે આરભ કર્યો ત્યારે ઋષિયોએ તેને યોગ્ય સમજાવી તેના કુટુબ પાસે તમો મારા પાપ ભાગી છો કે નહિ તે પૂછવા મોકલ્યો. ઘેર આવી પૃછતા તેના વચનથી વૈરાગ્ય પામેલા તેણે ઋષિનુ શરણ લીધુ. તે બ્રાહ્મણથી ઉપજ્યો છે છતા પતિત હોવાને લીધે તેને અવળા અક્ષરવાળો આપના નામનો મત્ર ઉપદેશી અમો પાછા આવિયે ત્યા સુધી જપવા જણાવી મુનિયો ચાલતા થયા.

મુનિની આજ્ઞા પ્રમાણે નામ મત્ર જપતા હજાર યુગ જેટલો કાળ તેને વ્યતીત થયો ત્યારે મુનિયોએ આવી જોયુ તો તેના ઉપર ઉધાઇનો રાફ જામેલો જોયો. મુનિયોએ તેને હાક મારી કે તરતજ તે બહાર આવી ગુરુ ચરણમા પડી નમન કર્યું નમન કરતા શિષ્યને જોઈ દયાળુ મુનિયોએ તેને સકળ સિદ્ધિ પ્રાપ્ત થાય એવી આશિષ આપી ને વલ્મિકમાથી બહાર આવ્યા તેને તેનો બીજો જન્મ માની તેનું નામ વાલ્મીક પાડયુ

હે રામ, આપે જે પૂછ્યુ તે કહ્યુ. આ સર્વ પ્રતાપ આપના નામનો ને અનાયાસે થયેલા સત્સગનો જ છે.

આપનુ ચરિત્ર કૈલાસમાં શ્રીશિવના મુખથી સાભળી નારદે મને કઇક કહ્યું હતુ તથા શ્રીબ્રહ્માએ પણ કહ્યું હતુ એટલુંજ નહિ પણ સર્વ ભવિષ્ય જાણવાનું સામર્થ્ય અર્પી આપનું ચરિત્ર વર્ણવવા આજ્ઞા કરેલી તે પ્રમાણે વર્ણ-વાયુ છે. એમાં મારૂ કઇ સામર્થ્ય નથી. જો સામર્થ્ય હોય તો આપના નામમા ને આપના જનમા જ છે. કે જે કૃપાએ આજ આ હુ છુ

हरिः ॐ

વાલ્મીક ચરિત્ર.

શ્રી મંગળ.

યમન કલ્યાણ.—તા. ત્રિ.

શ્રી રામચરણ સુખકારી,
કરૂ વદન હું પ્રેમ ધરીને, હૃદય કમળમા ધારી . શ્રી૦–ટેક
શિવ, સનકાદિક ધ્યાને ધારી, રટત કોટી અઘહારી, શ્રી૦ ૧
ભૂમંડળના નૃપવર વંદિત, સેવિત ભૂમિ કુમારી, શ્રી૦ ૨
ભવ ભય ટાળક ઇચ્છિતદાયક, તાપ ત્રિવિધ નિવારી ; શ્રી૦ ૩
એજ ચરણના પૂર્ણ પ્રતાપે, મુક્ત થઈ મુનિ નારી, શ્રી૦ ૪
રેવા પ્રભુપદ અંતર ધારી, વાસ કરો તમ દારી, શ્રી૦ ૫

ધનાશ્રી.—તા. લા.

રામ ભજો મનવા, નિશદિન રામ ભજો મનવા,
ભવસાગર તરવા ; નિશ૦ ટેક.
માત, પિતા, સુત, ઘરુણી, ભ્રાતા, કોઈ ન થાશે આખર ત્રાતા,
એ છે સરવ હરવા. નિશ૦ ૧
ગજ, ગણિકા, અજામેળ અકર્મિ, નામ પ્રતાપે થયા સુકર્મિ,
વાલ્મીક ગુણ ગરવા : નિશ૦ ૨
શુકર, કુકર યોનિ ભટકયો, તોપણ નિર્લજ થઈ તું અટકયો,
વિષ વિષય ગળવા , નિશ૦ ૩
સઉ કરતાં સઉ આ જ કરોને, રેવા પ્રભુનું નામ જપોને,
જન્મ મરણ ટળવા ; નિશ૦ ૪

अथ पप्रच्छ वाल्मिकिं सभायां रघुनन्दनः ।

ममावतारतः पूर्वं त्वया मच्चरितं कृतम् ।
कथं ज्ञातं त्वया पूर्वं केन त्वा मुपदेशितम् ॥ १

पूर्वं जन्मनि कस्त्वं हि किं पुण्यं हि त्वया कृतम् ।
तत्सर्वं विस्तरेणैव कथयस्वाऽद्य मां प्राति ॥ २

હિંડી.

સુણી રામ વચન બોલ્યા મુનિરાય, ગત જન્મમાં બનેલી જે કથાય;
સુણો રામ નામનો કહું પ્રભાવ. જેથી બ્રહ્મઋષિ થાવા મળ્યો દાવ. ૧

આશા જોગી.—તા. લા.

પંપા તીરનો વાસી હતો એક, બ્રાહ્મણ સુવ્રત ધારી,
નામ છે સુદર પાંચજન્ય જે, ગુરુ આજ્ઞા અનુસારી,
કહું હું પૂર્વ કથા મ્હારી. ૧

યાત્રા અર્થે ફરતો ફરતો, ભીમરથી તટ આવ્યો,
નીર તરીને ચાલ્યો આગળ, ત્યા તે કર્મે પૂગાયો, કહું૦ ૨

ઘોર ભયકર રણ આવ્યુ જ્યા, નહિ જળ, મૃગજળ ન્યાળે,
ગ્રીષ્મ ઋતુનો તાપ તપેછે, નખ શિખ અંગો બાળે, કહુ૦ ૩

એવામા એક વ્યાધ ત્યા આવ્યો, ખડ્ગ, ધનુષ્યને ધારી,
અગે યમના જેવો દીસે, શઠ નિર્દય ભયકારી, કહું૦ ૪

ખડ્ગ થકી બીવરાવ્યો દ્વિજને, લીધું સર્વે લૂટી,
છત્ર, કમડળ, ઉપાન આદે, લઇ આપી લગોટી, કહું૦ ૫

ઝુલા.

હાહાકાર કરતા જાય, પાદ ધરણી ન ધરાય,
અતિ અંગ વ્યાકૂળ થાય, ક્ષુધા, તાપ, તૃષાથી. ૧

ગયો થોડો ઘણો દૂર, ઉડી ગયુ મુખ નૂર,
નેત્રે અશ્રુ તણું પૂર; કષ્ટ પામતા અતિ. ૨

दृष्ट्वा मुनिं तं बहुखिन्नमानसं मध्यगते पूष्णि यदाऽति तीव्रे ।
व्याधस्य जाता मतिरीदृशी वै तस्मै ददामीति च पादरक्षे ॥ ३

દોહરો— ફાટેલાં જુના વળી, ઉપજે નહિ કંઇ દામ;
આપું એને હું જઈ, એનું શું મારે કામ. ૧

ઉપજાતિ.

એવું વિચારી દ્વિજ પાસ આવી, ઉપાન આપ્યાં થયું શુભ ભાવી ;
રાજી થયા ભૂસુર પીડ વારી, થાજે સુખી તું શુભ આશી મ્હારી. ૧

સોરઠો— સુમતિ તુજને આજ, પૂર્વ પુણ્યથી ઉપજી,
સુખકર હે વનરાજ, અન્ય ભવે પણ તે થશે. ૧

ગીતિ— વ્યાધ વદ્યો તવ વાણી, પૂર્વ જન્મનું પુણ્ય કહો મ્હારૂં ;
વાસ થયો કયમ વનમાં, અનેક જીવો પ્રતિદિન સંહારૂં.

હિંડી.

સફળ મૂળ, સજળ સ્થાનમાં જઇને, તૃષા, તાપ, ક્ષુધા દુઃખને હરીને ,
થઈ શાંત ને કથુ હું દુઃખદાયી, પૂર્વ જન્મ તણું કર્મ તારૂં ભાઇ. ૨

માઢ.*

વ્રતધારી, સુખકર ભારી, પધારો સાથ હમારી, ધૈર્ય ધરી ઋષિરાય'
દુઃખકારી, માંસાહારી, નથી ભય ભારી, વિચારી સ્તબ્ધ થયે
શું થાય. ટેક.
આ વન દીસે દૂર નહિ તેનું જોતા મન હરખાય,
સફળ તરુવર, સજળ સરોવર, વિધવિધ વેલ સોહાય, વ્ર૦ ૧
શીતળ મદ સુગ ધિત વાયુ, સુખકર બહુ ત્યા વાય,
રંગ બેરંગી સુંદર પક્ષી, મધુર સ્વરેથી ગાય, વ્રત૦ ૨
ફળ, જળ, સ્થળ ત્યા શુભ સ્વીકારી, પૂર્વ તણી કો' કથાય,
મે'ર કરી મુજ ઉપર સ્વામી, હાવા ઉપાડો પાય; વ્રત૦ ૩

શાર્દૂલ.

આવી સ્નાન કર્યું સરોવર વિષે, સંધ્યાદિ કર્મો કરી,
આરોગ્યા ફળ મૂળ શાંત થઇને, બેઠા સુસ્થાને ઠરી;
બેસાડી નિજ પાસ, વ્યાધ સુણ તું, વાણી વધા માધુરી,
પૂર્વે સુકૃત આદર્યું કહું કથા, લેજે તું ધ્યાને ધરી. ૧

---

* ધૈર્ય ધરી ઋષિરાય, પધારોને સાથ મ્હારી, ધૈર્ય ધરી ઋષિરાય. આ ટેક લગાડવાથી બધુ ગીત કાફીમા પણ ગવાશે.

ગીતિ— સાકલ નગરે રહેતો, સ્નાતક દ્વિજ સુ સ્તંભનામ ધારી;
ગોત્ર વચ્છસ છે જેનું, સંગ કુસંગે થયો દુરાચારી. ૨

ગણિકા ઘરમાં રાખી, ત્યાગ કરી સઉ ધર્મ કર્મ પ્રીતે;
ભ્રષ્ટ થઇ નિજ પથથી, આચરતો એ શૂદ્ર તણી રીતે ૩

હિંદી.

સેવન કરતી એનુ કાન્તિમતી નારી, શુભાચરણ, પતિવ્રત દઢ ધારી;
વારે વાર વધુ તોય સેવે ચર્ણ, પતિ સેવમા ગણે જે શુભ મર્ણ. ૩
સમય જાય ક્ષીણ થાય કાય ધન, વધે રોગ ઘટે ભોગ વિકળ તન;
મહા રોગથી પીડિત પતિ ન્યાળી, ધરી ધૈર્ય સેવે ભાવથી તે બાળી. ૪

દોહરો— દ્રવ્યહીન રોગી થયો, જોઇ વિચારી મંન;
ત્યાગ કરી કુલટા ગઈ, દીધું અવરને તંન. ૨

ततः स दीनवदनो व्याधिबाधासु पीडितः।
उक्तवान्सुरुदन्भार्यां रुजाव्याकुल मानसः॥ ४

આશા.—તા. દી.

સુંદરી પાળો આ દીન જનને, વાર વધુ વશ થઇ રહેનારો; સુંદરી—ટેક
દેવી તું પાવન હું ખળ નિષ્ઠુર, અતિ તમને છું દુઃખ દેનારો; સું૦ ૧
પ્રણુત દયીતા માન્ય ન માની, સપ્ત દશ જન્મે ષંઢ થનારો;* સું૦ ૨
ક્રોધી, કામી, નિંદિત ગામી, મ્હા પાપેથી નર્કે જનારો; સું૦ ૩
આશ્રય મ્હારે અન્ય નહિ કંઇ, શરણ તમારે આ દુઃખથી ઉગારો સું૦

સોરઠો— ક્ષોભ થયો મન માંહ્ય, પતિ દીનતા શ્રવણે સુણી;
વનિતા બોલી ત્યાંહ, નમન કરી કર જોડીને. ૨

---

* यो भार्यां प्रणतां पापो नानु मन्येत मूढधीः।
षंढो भवतीत्यत्र दशजन्मानिपञ्च॥

ગરબી.—તા. દી.

પતિ મ્હારી વિનતિ ધ્યાન ધરી. ખેદ કરો ન જરી, પતિ મ્હારી—ટેક
દોષ ન માનું આપ તણો હું, થાય સહુ નિજ કર્મે કરી,
જેવી ઇચ્છા હરિ, પતિ૦ ૧
પાપ તણું ફળ દુઃખ જવ આવે, ધૈર્ય સહે શુભ નીતિ ધરી,
એજ સમજ ખરી. પતિ૦ ૨
ભાવ બીજો મન ભાવે ન મુજને, નિત્ય રહુ નિજ ધર્મે ઠરી;
સાહ્ય કરે હરિ; પતિ૦ ૩

શાર્દૂલ.

સંતોષી નિજ નાથ સાથ રહીને, સેવે સદા ભાવથી,
માનીને જગદીશ ઇશ સરખા, આરાધ્ય બીજો નથી,
ગ્લાની થાય નહિ કદાપિ વિણુતા, જંતુ પડયા જે તને.
ક્ષાલે મૂત્ર મળાદિને પ્રિય ગણી, ઇચ્છે ન બીજું મને. ૨

સોરઠો— સ્તંભદ્વિજને દ્વાર, કોઇ સમે દેવલમુનિ,
ગ્રીષ્મ ઋતુમા સાર. આશ્રય માગ્યો આવીને. ૩

દોહરો— વૈદ્ય એક આવ્યા ખરા, સકળ શમે પરિતાપ;
નાથ કરૂ આતિથ્ય હું. દ્યો આજ્ઞા જો આપ. ૩

ज्ञात्वा त्वां धर्म विमुखं भिषग्व्याजेन वञ्चितम् ।
तस्यातिथ्यं तु वै कर्तुं दत्ताज्ञा वै पुरा त्वया ॥ ४

કાનરો વાઘેશ્વરી—તા. દી.

પતિ સંમતિ લૈ મુનિ પાસ આવી. પધારો ભલે આવિયા મ્હાનુભાવી;
વદી વંદીને ભાવથી ચર્ણ ધોઇ, લીધું તીર્થને આવી તે દુઃખ ખોઈ. ૧

દોહરો— કહે પતિને ભાવથી, સુખકર ઔષધ સાર;
પાપ તાપ વિરમે કહી, પાન કરાવ્યું નાર. ૪

પૂજી પ્રેમથી ખાનપાને રીઝાવ્યા, સુખે સુખ આપી મુનિને મનાવ્યા;
થઇ શાંત તે રાત વાસો રહીને, થયા ચાલતા સુખથી આશી દૈને. ૨

अथ चाल्पेनकालेन मार्जिपातोऽभवत्तदा।
त्रिकटु मुखआघात्सा भर्तांगुलिमखंडयत् ॥
कफेन दन्त पंक्तिभ्यां मीलिताभ्यां दृढं तदा।
स्थितवक्त्रेऽगुलिखंडं पञ्चत्वमगतस्तदा ॥

સોરઠો— પતિ ગયો પરલોક, વ્યાકુળ થઇ ધરણી ઢળી;
રોકાયો નહિ શોક, રૂદન કરી વામા વદે. ૪

પીલુ.—તા. દી.

નાથ ગયા શું મુજને ત્યાગી, વિણુ અપરાધે દાસી અભાગી; નાથ.—ટેક
આવો આવો જાઓ ન વા'લા, રંક નારી કલ્પાવો શું ઠાલા; નાથ૦ ૧
સ્વર્ગ તણુ સુખ આપ ચરણમાં, માનુ સદા મુને રાખો શરણુમાં; નાથ૦
શાસ્ત્ર સમૂહે જુઓ વિચારી, પતિ વિણુ ગતિ નહિ પામે નારી; નાથ૦
દેવ દયાળુ થઇ શું કીધું, રંકનું રત્ન હરી હાય! લીધું, નાથ૦ ૪
ધૈર્ય ધરો જરા આવુ સાથે, સોપી દેહ હુતાશન હાથે; નાથ૦ ૫

દોહરો— ધૈર્ય ધરી સાવધ થઇ, પતિ ગતિ કરવા કાજ;
અંતરના ઉલ્લાસથી, પ્રાપ્ત કર્યું સઉ સાજ. ૫

સોરઠો— દીધું દ્વિજને દાન, અલંકાર નિજ વસ્ત્રનું;
ધર્યુ પતિ પદ ધ્યાન, અવસાને કરવું કર્યું. ૫

હિંડી.

શબ સાથ હાથ અગ્નિ સાથ લીધો, સુંદર કાષ્ટ મંડપે પ્રવેશ કીધો;
કર્યું ભસ્મ અંગ સંગ દ્વિજ નારી, પામી ધામ શ્યામ કર્મને વિદારી ૫

સોરઠ.—તા. લા.

પામ્યો દુષ્કૃત કર્મ પ્રતાપે તું વનચર દેહનેરે, પામ્યો૦—ટેક.
કર્મ કરે જેવાં નરનારી, થાય ગતિ સારી કે નઠારી,
માટે ન તજવો ધર્મ તણા તો નેહને રે; પામ્યો૦ ૧
ઘોર કર્મ કર શસ્ત્રો ધારી, હિંસા ધર્મ રહ્યો સ્વીકારી,
ઉદ્વેગ પમાડે વનમાં વસતાં તેહનેરે; પામ્યો૦ ૨

ખંડ તર્જની મુખમાં ધારી, પામ્યો મૃત્યુ સ્વકર્મ વિસારી,
તેથી પામ્યો માસ તણા તું ભક્ષ્યને રે, પામ્યો૦ ૩
શિક્ષા શાસ્ત્ર તણી તેં વિસારી, વાર વધુ વ્હાલે સ્વીકારી,
સ્નેહ સતીનો ત્યાગી દુભવી એહનેરે, પામ્યો૦ ૪
મુનિ તણા ચર્ણોદક પાને, દયા ઉપની તુજ મનમાં ને,
ઉપાન દાને બુદ્ધિ કયાથી તુજનેરે, પામ્યો૦ ૫

દોહરો— કથા પૂર્વની કહી અને, આપી શુભ આશીશ,
દ્વિજ થયા જવ ચાલતા, વ્યાધે નામ્યું શીશ ૬

સોરઠો— થયો વ્યતીત કંઇ કાળ, વ્યાધ દેહને ત્યાગીને,
થયો પન્નગી બાળ કૃણુ મુનિના વીર્યથી. ૬

ગીતિ— વનમા વનચર જનના, સહવાસેથી કુકર્મ બહુ કરતો,
હિંસાદિક નહિ ગણતો, ત્યાગી દયા ને પથીક ધન હરતો

ઝુલા.

જાતા દીઠા તેણે વન, સમય એક મુનિ જંન.
સાત, સૂર્ય જેવા તન, પાછળ દોડીને ગયો. ૩
કાળ રૂપ તે અજાણ, સજ્જ કરી ધનુ બાણ,
"તિષ્ટ તિષ્ટ" બોલ્યો વાણ, સરવ હરવા તેનુ એ. ૪
ગીતિ— અંતક સમ અવલોકી, પૂછે મુનિયો ધૈર્ય ધરી મનમા,
શા માટે સંતાપ, દ્વિજ અધમ તું વાસ કરી વનમા. ૫

पुत्र दारादयः सन्ति बहवो मे बुभुक्षिताः।
तेषां संरक्षणार्थाय चरामि गिरिकानने ॥

લાવણી.

સમજ મન અંતરમા ધારી, હાસ્ય કરી મુનિરાય વદેછે શ્રેયસ્કર ભારી.
જગતમાં જન્મી નરનારી, વગર વિચારે કર્મ કરે તે પામે દુઃખ ભારી.
મોહની જાળ મહા ઝેરી, આ ભવમાં એ સમ નહિ કોઇ
અન્ય મહા વેરી.

દારા ને પુત્ર સગાં સાઇ, સ્વાર્થ તણાં સંબંધી સર્વ પણ આખર દુઃખદાઇ.

પૂછ જઈ સર્વ કુટુંબ જનને, પાપ કરૂં ધન ધાન્ય હું લાવું એમાંનું શું તમને.

તેહનું પ્રતિઉત્તર લઇને, આવ સુખેથી લૂટ તું અમને સત્ય વચન કહિયે.

ગીતિ— સમજ્યો યુકિત તમારી, મૂર્ખ ગણી શું જાવા મન ધાર્યું;
પણ હાવાં નહિ મૂકુ, આપો પરિચ્છદ નહિ તો સહારૂં.

લાવણી.

જો સત્ય વચન કહીયે, નહિ જઇયે.
જે બ્રહ્મ હનનથી થાયે, મદ્યપાન તણુ (જે) કહેવાયે,
તે પાપ અમે સહિયે, જો જઇયે, જો૦ ૧
ગુરુદાર ગમનનું થાયે, ચોર્યાથી હેમ જે થાયે,
તે પાપ અમે સહિયે, જો જઇયે. જો૦ ૨
તું ગયા પછી જો જઇયે, સંસર્ગ તણુ શિર લઇયે,
એ પાપ ભાગ સહિયે, જો જઇયે. જો૦ ૩

एवं तच्छपथैर्नानाविधैः प्रत्ययमागतः ।
तथे त्युक्त्वा गृहं गत्वा मुनिभिर्यदुदीरीतम् ॥ ९

पप्रच्छ पुत्र दारादिं स्तैरुक्तोहं रघुत्तम ।
पापं तवैव तत्सर्वं वयंतु फलभागिनः ॥ १०

સોરઠો— મન ઉપજ્યો વૈરાગ્ય, વિચારથી જે સાભળ્યુ,
ઉભા જ્યાં મ્હાભાગ્ય, આવ્યો દયાળુ મનથી. ૭

દોહરો— મુનિયોના દર્શનથી, અંતર શુદ્ધિ હોઇ,
શસ્ત્ર ત્યાગી કર જોડીને, વધો નમી હરખાઈ. ૭

બનઝારે.—તા. લા.

કરી કૃપા કૃપાળુ સ્વીકારો, અપરાધ ગણો નહિ મ્હારો, કરી.—ટેક
હું શરણુ અનન્ય તમારે, નથી સાહ્ય બીજી કોઈ મારે રે,
ભવસાગર પાર ઉતારો, અપરાધ० १
છો નાથ અનાથના બેલી, મુને ઘટે ન મૂકવો ઠેલી,
પાપ તાપ સદાય નિવારો, અપરાધ० २
આશા આપ તણી ઉર ધારી, પ્રીતિ લૌકિકની મેં વિસારી,
ગ્રહી કૃપા કરી કર તારો, અપરાધ० ३
કર્તવ્ય કહો કરવાનું, ઠરૂં ઠામ મળે ઠરવાનુ,
એવું શુભકર મંન વિચારો, અપરાધ० ४

દિંડી.

વદી એમ પડ્યો ચરણમાં તે ન્યાળી, વદ્યા મુનિયો તુ ઉઠ ભાગ્યશાળી;
થાઓ સફળ સદા સંગ સંત કેરો, શુભ થાઓ તુજ જાઓ મર્ણ ફેરો. ६

परस्परं समालोक्य दुर्वृत्तोऽयं द्विजाधम: ।
उपेक्ष्य एव सद्वृत्तं तथापि शरणं गत:
रक्षणीय: प्रयत्नेन मोक्षमार्गोपदेशत: १२

इत्युक्त्वा राम ते नाम व्यत्यस्ताक्षरपूर्वकम् ।
मुनयो मामुपदिशुर्मत्कृपापूर्ण मानसा ॥

ગીતિ— મન રાખી સંયમમાં "મરા" મંત્રનો સદા તું જપ કરજે;
આગમન હમારૂં થાયે, આ ઠામે ત્યાં સુધી જ તું ઠરજે ७
દોહરો— એમ વદી મુનિયો ગયા, એ બેઠો તે ઠામ,
એકાગ્રે જપ જાપતાં, ગયુ ઉભય તન ભાન ८
સોરઠો— યુગ દશ શત સમકાળ, મ્હાનુભાવ મુનિ આવિયા,
હરખી વદ્યા દયાળ, બેઠો જોઈ વલ્મિકમાં. ८

मामुचुर्निर्गमस्वेति तच्छ्रुत्वा तूर्णमुत्थित: ।
वल्मीकान्निर्गतश्चाहं नीहारादिव भास्कर: ॥ १४

ममाप्याहुर्मुनिगणा वाल्मीकिस्त्वं मुनिश्वरः
वल्मिकात्संभवो यस्माद्द्वितीयं जन्मते भवत् ॥ १९

કાનરો સીયાનો.—તા. દી.

નામ તણો શું મહિમા ભારી, રસના શેષ તણી જયા હારી; નામ૦—ટેક
નારદ, શારદ, શિવ, સનકાદિક, રટણ રટે છે અન્ય વિસારી ; નામ૦ ૧
નામ પ્રતાપે પાવન થઇને, પરપદના કઇ થયા છે વિહારી ; નામ૦ ૨
દાનવ, માનવ, સુરગણ આદે, કુશળ થયા સૌ દુઃખ નિવારી ; નામ૦ ૩
વિમુખ રહે જો નામ રટણથી, સાધન અન્ય નહિ શુભકારી , નામ૦ ૪
રેવા પ્રભુ તમ નામ પ્રતાપે, થયો ઋષિ હુ વંન વિહારી ; નામ૦ ૫

શાર્દૂલ.

કૈલાસે શ્રવણે સુણી કમળભૂ, શ્રી શિવના મુખથી,
ભાવે તે નિજ પુત્ર નારદ પ્રતિ, વિધિ વદ્યા સુખથી,
તે આવ્યા તમસા તટે વિધિ વશે, પૂજ્યા અતિ ભાવથી,
બેસાડી મુજ આશ્રમે વિનયથી, સુણી કથા નેહથી.

ततोपि विधिनाऽनेन चरितं ते प्रवर्णितम् ।
एवं त्वया यथा पृष्टं तथा सर्वं निवेदितम् ॥

इति शिवम्.